દિવાળી મનોરંજન: બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મોના તડાકાભડાકા

રાજ ગોસ્વામી

દર વર્ષની માફક, આ વર્ષની દિવાળી પણ સિનેમાનાં ચાહકો માટે ધમાકા લઈને આવી છે. આ દિવાળીએ આયુષ્માન ખુરાના-રશ્મિકા મંદાનાની રોમેન્ટિક કોમેડી કમ હોરર ફિલ્મ 'થામા' અને હર્ષવર્ધન રાણેની 'એક દિવાને કી દિવાનિયત' એક જ દિવસે રિલીઝ થઇ રહી છે. તમિલ અને તેલુગુમાં દિવાળી પર ચાર મોટી ફિલ્મો આવી રહી છે. એ જ વખતે, ઓટીટી પર અરશદ વરસીની ક્રાઈમ થ્રિલર ભાગવત ચેપ્ટર-1 પણ રિલીઝ થઇ રહી છે.

દિવાળીના દિવસોમાં ફિલ્મો રિલીઝ કરવાની પરંપરા બહુ જૂની છે. આ દિવસોમાં લોકો લાંબી રજાઓ પર હોય છે અને મોજ-મસ્તીના મુડમાં હોય છે એટલે તેમને થિયેટરોમાં ખેંચી લાવવા આસાન પણ હોય છે અને આર્થિક રીતે ફાયદાકારક પણ હોય છે. આજકાલ તો OTT પ્લેટફોર્મની બોલબાલા છે પણ એક સમયે જ્યારે સિંગલ સ્ક્રીન થિયેટરો હતાં ત્યારે દિવાળીનાં નવાં કપડાં પહેરીને દોસ્તો કે પરિવાર સાથે ફિલ્મ જોવા જવું એ એક રિવાજ ગણાતો હતો.

તમારામાંથી જૂની પેઢીનાં લોકોને દિવાળીના દિવસે બ્લોકબસ્ટર ફિલ્મો જોયાનો (અને તે પણ બ્લેક માર્કેટમાંથી ટિકિટો લઈને) અનુભવ હશે અને તેની મીઠી યાદો આજે પણ મમળાવતાં હશે. દિવાળી પર ફિલ્મો રિલીઝ કરવાની પ્રથા 1990થી વધુ જોરમાં આવી હતી પરંતુ તે અગાઉ પણ અમુક એક્ટરોની ફિલ્મો તહેવારોને લઈને થિયેટરોમાં આવતી હતી. જેમ કે, અત્યાર સુધીની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ, અમિતાભ અભિનીત અને પ્રકાશ મહેરા નિર્દેશિત 'મુકદ્દર કા સિકંદર' દિવાળીમાં આવી હતી અને તેણે બોક્સ ઓફિસ છલકાવી દીધી હતી.

ધર્મેન્દ્રની 'જીને નહીં દુંગા' 26 ઓક્ટોબર 1984ના રોજ દિવાળીના સપ્તાહના અંતે રજૂ કરવામાં આવી હતી અને ધર્મેન્દ્રની અન્ય ફિલ્મ 'જાગીર' સાથે ટકરાઈ હતી. આ ફિલ્મને વિવેચકો તરફથી મિશ્ર પ્રતિભાવો મળ્યા હતા અને બોક્સ ઓફિસ પર સફળ રહી હતી, જે 1984ની 12મી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની હતી.

ફિરોઝ ખાનની 'યલગાર' 23 ઓક્ટોબર 1992ના રોજ દિવાળીના તહેવારોમાં આવી હતી, જે અજય દેવગન અભિનીત 'જીગર' સાથે ટકરાઈ હતી. દેવ આનંદ અભિનીત, યશ ચોપરાની ફિલ્મ 'જોશીલા' 1973ની દિવાળીના દિવસે રિલીઝ થઈ હતી. અમિતાભ બચ્ચન અભિનીત મનમોહન દેસાઈની 'મર્દ' 1985માં દિવાળી આસપાસ આવી હતી અને બ્લોક બસ્ટર સાબિત થઈ હતી. (યશ ચોપરાએ અમિતાભ સાથેની 'મહોબ્બતે' પણ દિવાળીમાં રિલીઝ કરી હતી)

પ્રકાશ મહેરાની 'ઝંઝીર', જેમાં અમિતાભે પહેલી વાર એન્ગ્રી યંગ મેનનો કિરદાર નિભાવ્યો હતો, તે 1973માં દિવાળી આસપાસ થિયેટરોમાં આવી હતી એટલું જ નહીં, ફિલ્મની વાર્તાના આરંભમાં અને અંતમાં દિવાળીની આતશબાજીની નિર્ણાયક ભૂમિકા હતી. 1981માં મનોજ કુમારની મલ્ટીસ્ટાર ફિલ્મ 'ક્રાંતિ' અને 1970માં સંજીવ કુમારની 'ખિલોના' પણ દિવાળીની રજાઓમાં દર્શકોનું મનોરંજન કરવા આવી હતી.

મુંબઈનું 'મરાઠા મંદિર,' જ્યાં 1995ની દિવાળીએ રિલીઝ થયેલી શાહરૂખ ખાનની 'દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગે' હજુ પણ એક શોમાં ચાલી રહી છે, તેમાં આજે પણ રોશની તો એવી જ છે, પણ દર્શકો ઘટી ગયાં છે અને હાઉસ ફુલનાં પાટિયાં ઝૂલતાં બંધ થઈ ગયાં છે.

'લમ્હે' (1991)થી શરૂ કરીને યશરાજ ફિલ્મ્સની મોટી ફિલ્મો, જેમ કે 'દિલ તો પાગલ હૈ' અને 'વીર-ઝારા', 'ડીડીએલજે' અને 'મોહબ્બતેં' દિવાળી પર રિલીઝ થઈ હતી. એમાં માત્ર બે અપવાદો હતા.

ચોપરાની રોમેન્ટિક થ્રિલર 'ડર' (1993) અને એક્શન ફિલ્મ 'પરંપરા' (1993) દિવાળીમાં નહોતી આવી. આ ટ્રેન્ડ શાહરૂખની 'દિલ તો પાગલ હૈ' અને 'કુછ કુછ હોતા હૈ'થી શરૂ થયો હતો, જે 1997 અને 1998ની દિવાળી પર આવી હતી અને બોક્સ ઓફીસ છલકાવી દીધી હતી. સુરજ બડજાત્યાની 'હમ સાથ સાથ હૈ' તે પછીના વર્ષે દિવાળીમાં આવી હતી.







દિવાળી રિલીઝની પ્રથાને સૂરજ બડજાત્યાએ 1999માં 'હમ સાથ-સાથ હૈ', 'પ્રેમ રતનધન પાયો', કરણ જોહરે 'કુછ કુછ હોતા હૈ', 'એ દિલ હૈ મુશ્કિલ' અને ફરાહ ખાને 'ઓમ શાંતિ ઓમ', 'હેપ્પી ન્યૂ યર' માટે જાળવી રાખી હતી.

હિન્દી સિનેમામાં જ્યારથી સુપરસ્ટાર ખાન ત્રિપુટીનો જમાનો આવ્યો ત્યારથી એવી પ્રથા પડી ગઈ હતી કે શાહરૂખ ખાનની ફિલ્મો દિવાળીમાં અને સલમાન ખાનની ફિલ્મો ઈદ પર રિલીઝ થતી હતી.

> દિવાળીના દિવસોમાં ફિલ્મો રિલીઝ કરવાની પરંપરા બહુ જૂની છે. આ દિવસોમાં લોકો લાંબી રજાઓ પર હોય છે અને મોજ-મસ્તીના મુડમાં હોય છે એટલે તેમને થિયેટરોમાં ખેંચી લાવવા આસાન પણ હોય છે અને આર્થિક રીતે ફાયદાકારક પણ હોય છે